જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૮/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૧૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૮૩૬ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૩,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૧૭/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ખુનની કોશીશની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૧૮/૧૫</u>**

**દાણીલીમડા :** રણછોડભાઇ ખોડાભાઇ રબારી (ઉ.વ.૩૨)(રહે.અંજાના છાપરાં, આંબેડકર બ્રીજનાં છેડે, ખોડીયારનગર દાણીલીમડા) એ વા.સા.હોસ્પીટલ ખાતે દાણીલીમડા પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૮/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ભાભીને મોટાભાઇએ પોતાના પિયરમાં પૈસા આપવાની ના પાડતાં, ભાભી રિસાઇને પિયર ચાલી જતાં, તેની અદાવત રાખી, ભાભીનાં સગાભાઇ અને મામાના દિકરા ભાઇઓ (૧) કનુભાઇ મોણાભાઇ ચુનારા (૨) રણજીત કનુભાઇ ચુનારા (બંને રહે. મટાડા) (૩) કમશી સુરભણભાઇ રબારી અને (૪) બળદેવભાઇ સુરભણભાઇ રબારી (બંને રહે.બાદરજીનાં મોવાળા) નાઓએ ભેગામળી ઘર નજીક આવેલ પશુ બાંધવાનાં વાડા ખાતે રણછોડભાઇને પકડી રાખી, તીક્ષ્ણ હથિયારથી છાતીમાં અને શરીરે અન્ય ભાગે જીવલેણ ઘા મારી, જાનથી મારી નાંખવાની કોશીશ કરી, રણછોડભાઇનાં મોટાભાઇને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ આરોપીઓ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૧૯/૧૫**

**બાપુનગર :** હેમંતભાઇ બાબુભાઇ સોલંકી (રહે.શક્તિકુંજ સોસાયટી, સમજુબા હોસ્પીટલ પાછળ, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૭/૧૫ બપોરનાં ૧/૦૦ થી તા.૯/૮/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૩૯,૯૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૨૦/૧૫</u>**

**શાહીબાગ :** બળદેવભાઈ અમથારામ પટેલ (ઉ.વ.૬૮)(રહે.આશ્રય ફ્લેટ, ઈન્દીરા બ્રીજ પાસે, હાંસોલ સરદારનગર) તા.૮/૮/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે CSD ડેપો પાસે રોડ ઉપરથી પોતાની પત્નીને વ્હીકલ પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બળદેવભાઇની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બળદેવભાઇ પટેલે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એમ.દેસાઇ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૨૧/૧૫</u>**

**નરોડા :** ધવલ રામચંદ્રભાઇ પટેલ (રહે.ધરણેન્દ્રનગર સોસાયટી, આદિશ્વર બસ સ્ટેન્ડની બાજુમાં, નરોડા) એ તા.૫/૮/૧૫ સાંજના ૭/૦૦ વાગે ઘર નજીક પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૧ ડી.વાય.૦૧૯૯ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૮/૧૫ સવારનાં ૮/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ધવલ પટેલે તા.૯/૮/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)